# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-08-2024** **Midday : 2.30 to 2.35**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# KEDARNATH- RESCUE

કેદારનાથમાં વરસાદ અને ભૂસ્ખલનમાં ફસાયેલા ગુજરાતના 17 યાત્રિકોનું રેસ્ક્યુ કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર મારફતે ઉત્તરાખંડ એસ.ઈ.ઓ.સી. નો સંપર્ક સાધી તાત્કાલીક બચાવ વ્યવસ્થા કરાવી હતી..

કેદારનાથ ધામની યાત્રાએ ગયેલા અરવલ્લી જિલ્લાના 17 જેટલા ગુજરાતી યાત્રિકો ઉત્તરાખંડમાં મોટી લિન્ચોલી નજીક વરસાદ અને ભૂસ્ખલનને કારણે ફસાઈ ગયા હતાં. વાતાવરણ અનુકૂળ થતાં જ રાજ્યના આ બધા જ યાત્રિકોને હેલિકોપ્ટર દ્વારા એરલિફ્ટ કરીને ગણતરીના કલાકોમાં જ સુરક્ષિત સ્થળે પહોંચાડી દેવામાં આવ્યા છે.

# CHANDIPURA VIRUS

સમગ્ર રાજ્યમાં ચાંદીપુરા વાયરસનો કહેર યથાવત છે.. તમામ જીલ્લાઓમાં તંત્ર દ્વારા સર્વેલન્સની કામગીરી ચાલી રહી છે.

સાબરકાંઠાની હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ગઇકાલે વધુ એક બાળકનું મૃત્યુ થયું છે. હિંમતનગરની સિવિલ હોસ્પિટલમાં અત્યાર સુધીમાં સાબરકાંઠા અને અરવલ્લીના ચાર-ચાર બાળકો તેમજ રાજસ્થાનના બે બાળકોના મૃત્યુ થયા હોવાના અહેવાલ છે. જો કે, દસ બાળકો પૈકી બે બાળકોના રિપોર્ટ ચાંદીપુર પોઝિટિવ આવ્યા હતા..

તો પાટણ જિલ્લાના સરસ્વતી તાલુકાના મોટા નાયતા ગામનું સાત વર્ષનું બાળક ચાંદીપૂરા વાયરસથી સંક્રમિત થતાં આજે તેનું સારવાર બાદ મોત નીપજ્યું છે.

તો ડાંગ જિલ્લામાં ચાંદીપૂરા વાયરસ અંગે તકેદારીના પગલાં લેવાઇ રહ્યા છે. આરોગ્ય વિભાગ દ્વારા ગામડાઓના કાચા મકાનનો સર્વે કરવામાં

આવ્યો છે તથા નાના બાળકોને લઈને પણ સર્વે કરી રિપોર્ટ કરવામાં આવ્યો છે. જો કે, ડાંગ જિલ્લામાં અત્યાર સુધીમાં એક પણ ચાંદીપુરા વાયરસનો કેસ નોંધાયો નથી.

# PASHUDHAN VASTI GANATRI

રાજ્ય સહિત દેશભરમાં આગામી સપ્ટેમ્બર મહિનાથી પશુધન વસ્તી ગણતરી યોજાશે.. ડિસેમ્બર સુધી થનારી આ પશુઓની વસ્તી ગણતરીમાં પ્રથમવાર વિચરતા પશુઓનો પણ સમાવેશ કરાયો છે.. રાજ્યની ૨૮ સહિત દેશભરની આશરે ૨૧૯ જેટલી પશુ જાતોની ગણતરી કરવામાં આવશે. પ્રથમવાર મોબાઈલ એપના ઉપયોગ સાથે એક લાખથી વધુ કર્મચારીઓ વસ્તી ગણતરીમાં ડેટા એકત્ર કરવાના કામમાં જોડાશે.

ઉલ્લેખનીય છે કે, પશુધન વસ્તી ગણતરી કરતો ભારત વિશ્વનો એકમાત્ર દેશ છે... વર્ષ ૨૦૧૯ની પશુધન વસ્તી ગણતરીમાં રાજ્યમાં ૨૬૮ લાખ પશુધન હતું..

# GUJ. GYAN SAHAYAK

રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા જ્ઞાન સહાયકોનાં કરારની મુદત પૂર્ણ થતાં શિક્ષણ વિભાગ દ્વારા તેમનાં કરાર રિન્યુ કરવાની મંજૂરી આપવામાં આવી છે. જ્ઞાન સહાયક જે જગ્યા પર ફરજ બજાવતા હોય ત્યાં શિક્ષકોની જગ્યા ખાલી હોય તે સંજોગોમાં જ્ઞાન સહાયકોના કરાર રીન્યુ કરવાના રહેશે. જો કે શિક્ષકની જગ્યા ભરાઈ ગઈ હોય તે સ્થિતિમાં જ્ઞાન સહાયકને છુટા કરવાના રહેશે.

# CHOMASU+ RAIN AAGAHI

રાજ્યમાં ચોમાસુ બરાબરનું જામ્યું છે.. આજે સવારે છ વાગે પૂર થતાં ચોવીસ કલાકમાં 129 તાલુકાઓમાં વરસાદ વરસ્યો છે. સૌથી વધુ વરસાદ

નવસારીના ખેરગામમમાં 62 મીલીમીટર, ડાંગના આહવા અને વઘઈમાં 50 મીલીમીટર કરતાં વધુ વરસાદ વરસ્યો છે.. વરસાદને કારણે રાજ્યમાં ૭0 રસ્તાઓ બંધ હાલતમાં છે.. સ્ટેટ હાઈવે હસ્તકના ચાર રસ્તાઓ પણ બંધ થયા છે...જ્યારે પંચાયત હસ્તકના ૬૩ રસ્તાઓ બંધ છે અને અન્ય ૩ રસ્તા અવરજવર માટે સ્થગિત કરાયાં છે. જીલ્લાવાર જોઇ તો પોરબંદરમાં પંચાયત હસ્તકના સૌથી વધુ ૨૩ રસ્તા બંધ, જૂનાગઢમાં પંચાયત હસ્તકના ૧૧ રસ્તા બંધ છે.. જેને કારણે અવરજવરમાં મુશ્કેલી સર્જાઇ રહી છે.

રાજ્યમાં વરસાદી માહોલમાં જળાશયોમાં પાણીની નોંધપાત્ર આવક થઇ રહી છે.. જેથી રાજ્યના ૨૦૬ જળાશયોમાં ૫૩ ટકા જળ સંગ્રહ થયો છે. સરદાર સરોવર ડેમમાં ૫૬ ટકા જળ સંગ્રહ છે.. ગુજરાતભરના ૪૮ જળાશયો ૧૦૦ ટકા, ૩૦ જળાશયો ૭૦ થી ૧૦૦ ટકા ભરાઇ ગયા છે.. જ્યારે ૫૬ ડેમ હાઈ એલર્ટ પર,૧૨ ડેમ એલર્ટ પર અને ૧૦ ડેમ પર ચેતવણી આપવામાં આવી છે. જ્યારે રાજ્યમાં અત્યાર સુધીમાં ખરિફ પાકનું કુલ વાવેતર 81 ટકા કરતાં વધુ થઇ ગયું છે..

હવામાન વિભાગે આજના દિવસ દરમિયાન સૌરાષ્ટ્ર અને કચ્છમાં ગાજવીજ સાથે ઘણા વિસ્તારમાં વરસાદની આગાહી કરી છે. જ્યારે મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં મોટાભાગના વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદ વરસે તેવી સંભાવના વ્યક્ત કરી છે.

# SURAT- SCHOOL BUS ACCIDENT

સુરતમાં વિદ્યાર્થીઓથી ભરેલી બસ દાંડી રોડ પરની સાકેત ચોકડી નજીક પાણી ભરેલા ખાડામાં ફસાઈ ગઇ હતી.. અમારા સુરતના પ્રતિનિધી લોપા દરબાર જણાવે છે કે, ખાડામાં ફસાયેલી એક ખાનગી શાળાની બસમાં 30થી

વધુ વિદ્યાર્થીઓ હતા.. જો કે, ઘટનાની જાણ થતા જ સ્થાનિક લોકો દોડી આવતા બાળકોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા છે...

# NARI VANDAN SPTAH

રાજ્યભરમાં “નારી વંદન સપ્તાહ”ની ઉજવણીનો થઇ રહી છે.. આઠમી ઓગસ્ટ સુધી ચાલનારા આ સપ્તાહ દરમિયાન તમામ જિલ્લાઓમાં સ્વરોજગાર મેળા, મહિલા સન્માન સમારોહ, કાયદાકીય જાગૃતિ જેવા વિવિધ સેમિનાર યોજાઇ રહ્યા છે.

જે અંતર્ગત જામનગર શહેરમાં વી.એમ.મહેતા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે મહિલા સુરક્ષા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ દ્વારા મહિલા સુરક્ષા રેલી તથા નાટક રજૂ કરવામાં આવ્યું હતું. તેમજ પોલીસ અધિકારીઓ તથા અગ્રણીઓ દ્વારા વિદ્યાર્થીનીઓને સ્વરક્ષણ, સાયબર ક્રાઈમ જાગૃતિ સહિત વિવિધ વિષયો અંગે માહિતી આપવામાં આવી હતી.

# RAJKOT- LOK MELO

રાજકોટના રેસકોર્સ મેદાન ખાતે આગામી 24થી 28 ઓગસ્ટ સુધી જન્માષ્ટમીની ઉજવણી નિમિત્તે લોકમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત વિવિધ પ્લોટ અને સ્ટોલની હરાજી અને ડ્રો આવતીકાલે કરવામાં આવશે. રમકડાં અને ખાણીપીણી અન્ય કેટેગરીના સ્ટોલનો ડ્રો સવારે 11 વાગ્યે કરવામાં આવશે. તેમજ અન્ય કેટેગરીની હરાજી બપોરે સાડા બાર વાગ્યે થશે.